# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 27-08-2025 Day: Wednesday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **જાગૃતિ વકીલ** વાંચે છે.

---

## રાષ્ટ્રપતિ : પર્વ શુભકામના

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ગણેશ ચતુર્થીની પૂર્વ સંધ્યાએ ગઇકાલે દેશના નાગરિકોને શુભેચ્છા પાઠવતા કહ્યું કે, આ તહેવાર ખૂબ જ ભક્તિ અને ઉત્સાહથી ઉજવવામાં આવે છે. ભગવાન ગણેશને શાણપણ અને સુખાકારીના સ્ત્રોત તરીકે પૂજવામાં આવે છે તે વાત પર ભાર મૂકતા, સુશ્રી મુર્મુએ કહ્યું કે લોકો નવી શરૂઆત અને અવરોધો દૂર કરવા માટે તેમના આશીર્વાદ માગે છે. તેમણે લોકોને દેશના પર્યાવરણનું સંરક્ષણ કરતી વખતે આ તહેવાર ઉજવવા અને સ્વચ્છ, હરિયાળો અને વધુ સમૃદ્ધ દેશ બનાવવા માટે યોગદાન આપવા વિનંતી કરી.

-----------------------------------------------------------------------------------

## PM : ગુજરાત મુલાકાત

ગુજરાતના હાંસલપુરથી સુઝુકીના પ્રથમ મેડ-ઇન-ઇન્ડિયા બેટરી ઇલેક્ટ્રિક વાહન 'ઇ-વિટારા'ને લીલીઝંડી આપ્યા બાદ શ્રી મોદીએ ભારત અને જાપાન વચ્ચે ગાઢ ભાગીદારી પર પ્રકાશ પાડી 2047 સુધીમાં આત્મનિર્ભરતા હાંસલ કરવાની ભારતની યાત્રામાં મુખ્ય વિકાસ ભાગીદાર તરીકે જાપાનની ભૂમિકાનો પુનરોચ્ચાર કર્યો. ગુજરાતની બે દિવસીય મુલાકાતે આવેલા પ્રધાનમંત્રી મોદીએ ગઇકાલે ગુજરાત સ્થિત TDS લિથિયમ-આયન બેટરી પ્લાન્ટ ખાતે હાઇબ્રિડ બેટરી ઇલેક્ટ્રોડના સ્થાનિક ઉત્પાદનનું ઉદ્ઘાટન પણ કર્યું. શ્રી મોદીએ કહ્યું, ત્રણ જાપાની કંપનીઓ ભારતમાં પહેલી વાર સંયુક્ત રીતે બેટરી સેલનું ઉત્પાદન કરશે.

નવા લોન્ચ થયેલા વાહનોની યુરોપ અને જાપાન જેવા મુખ્ય બજારો સહિત 100થી વધુ દેશોમાં નિકાસ કરાશે. પ્રધાનમંત્રીએ અમદાવાદમાં સુઝુકી મોટરના હાંસલપુર પ્લાન્ટમાં પ્રદર્શનની પણ મુલાકાત લીધી.

---------------------------------------------------------------------------------

## CM : પર્વ શુભકામના

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ગુજરાતના સૌ લોકોને ગણેશ ચતુર્થી પર્વની શુભકામનાઓ પાઠવી છે. સાથે જૈન અને જૈનેતર ભાઇ-બહેનોને સંવત્સરી પર્વ પ્રસંગે 'મિચ્છામી દુક્કડમ' પાઠવ્યા છે. આ પર્વ, સામાજિક, સમરસતા અને માનવતાની શક્તિઓને વધુ પ્રગાઢ બનાવશે એવી શ્રદ્ધા પણ મુખ્યમંત્રીએ વ્યક્ત કરી હતી.

---------------------------------------------------------------------------------

## ST કર્મચારી : મોઘવારી ભથ્થું

રાજ્યના એસ.ટી.નિગમના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં બે ટકાનો વધારો કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. વાહન વ્યવહાર રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ આ અંગેની જાહેરાત કરતાં કહ્યું કે, આ  વધારા સાથે હવે એસટીના કર્મચારીઓને  મોંઘવારી ભથ્થું ૫૫% ચૂકવાશે.

---------------------------------------------------------------------------------

## ગણેશચતુર્થી પર્વ

વિઘ્નહર્તા ભગવાન ગણેશના જન્મોત્સવ પર્વ ગણેશ ચતુર્થીની આજે ભક્તિભાવપૂર્વક ઉજણી થઈ રહી છે.આજથી ગણેશોત્સવનો આરંભ થાય છે. એક સમયે મહારાષ્ટ્રમાં થતી ગણેશોત્સવની ઉજવણી હવે કચ્છના છેવાડાના નગરો અને ગામોમાં થાય છે.નાનામોટા પંડાલમાં સવારસાજ આરતી સહિત ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોથી વાતાવરણ ગાજતું રહેશે. જિલ્લામાં ત્રણ થી પાંચ દિવસ આ પર્વ ઉજવાય છે. જોકે મહારાષ્ટ્રીયન સમાજ દસ દિવસ આ પર્વની ઉજવણી કરે છે. લોકો ઘરે પણ ગણપતિ ની મૂર્તિ સાથે સ્થાપન કરે છે. મૂર્તિ ખરીદવા

રાતે મોડે સુધી લોકો નો ધસારો રહ્યો હતો ભચાઉ નજીક આવેલ પૌરાણિક સ્થળ ગણેશટીંબી ખાતે ગઈકાલથી બે દિવસ ગણેશ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઊજવાઈ રહ્યો છે.જેનુ આજે સમાપન થશે.આ વરસે ગણેશ પંડાલમાં ઓપરેશન સિંદૂરની થીમ પર સજાવટ કરવા માં આવશે.

-----------------------------------------------------------------------------------------------

## સંવત્સરી પર્વ

જૈનોનાં પર્યુષણપર્વની આજે ક્ષમાપનાના સંદેશ સાથે સમાપન થશે. આઠ દિવસના પૂજા અર્ચના ઉપવાસની કઠિન તપશ્ચયા પછી આજે અંતિમ દિવસે જૈનો એકબીજાને મિચ્છામિ દુક્કડમ કહી વર્ષભરની ભૂલોનાં પ્રાયશ્ચિતરૂપે ક્ષમાયાચના કરશે. જિલ્લાભરમાં જૈનમંદિરોને સુશોભિત કર્યા છે. પર્યુષણપર્વના સમાપનરૂપે કેટલાક સ્થળે શોભાયાત્રાનું પણ આયોજન થયું છે..

-----------------------------------------------------------------------------------------------

## હવામાન

કચ્છમાં છેલ્લા બે દિવસથી વરસાદી ગતિવિધિ મંદ પડી છે. હવામાન વિભાગે આગામી સપ્તાહ દરમિયાન વરસાદ રહેવાની કરેલી આગાહી વચ્ચે કચ્છના મોટા ભાગના વિસ્તારોમાં વરાપનો માહોલ જોવા મળ્યો છે. મહત્તમ તાપમાન 2 ડિગ્રી ઉંચકાતા બપોરના સમયે ગરમી ઉકળાટનો માહોલ રહ્યો હતો. મોટા ભાગના વિસ્તારમાં વાદળોની આવન-જાવન સાથે હળવાર ઝરમર સિવાય ખાસ વરસાદ નોંધાયો ન હતો. હવામાન વિભાગે આગામી 31 ઓગસ્ટ સુધી રાજ્યમાં વરસાદનો એક રાઉન્ડ આવવાની સંભાવના વ્યક્ત કરી છે.

-----------------------------------------------------------------------------------------------

## જાહેરનામું

કચ્છમાં આજથી ગણેશોત્સવની ઉજવણી શરૂ થઇ છે ત્યારે તેને અનુલક્ષીને અધિક જિલ્લા મેજિસ્ટ્રેટે શ્રી ચૌહાણે બહાર પાડેલ એક જાહેરનામા મુજબ ગણેશજીની પીઓપીની મૂર્તિ બનાવવા માટે કેમિકલયુક્ત રંગોના ઉપયોગ થતા હોઇ આવી મૂર્તિઓને નદી તથા તળાવના પાણીમાં વિસર્જન કરવા પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે.જિલ્લામાં પરંપરાગત કુદરતી/પ્રાકૃતિક માટી તેમજ બાયોડિગ્રેબલ, ઇકો ફ્રેન્ડલી અને ટોક્ષિક ન હોય તેવા કાચા માલમાંથી મૂર્તિઓ બનાવવાની રહેશે તથા મૂર્તિઓ, પંડાલ કે શણગારમાં સિંગલ યુઝ પ્લાસ્ટીક અને થર્મોકોલ મટીરીયલ્સનો ઉપયોગ સંપૂર્ણપણે પ્રતિબંધિત રહેશે. આ જાહેરનામાનો અમલ આજે તારીખ 27 ઓગસ્ટ થી તા.6 સપ્ટેમ્બર સુધી ચુસ્તપણે અમલ કરવા જણાવાયું છે.

---------------------------------------------------------------------------------------------